# સામાજિક પરિવર્તનના ઉત્પ્રેરક તરીકે સાર્વજનિક પુસ્તકાલય

ચાંદની અશ્વિનકુમાર રાવલ
સંશોધક,
હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી,
પાટણ

ડૉ. ભારતીબેન મદારસિંહ સોલંકી
માર્ગદર્શક,
ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન ભવન
હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ

**૧. પ્રસ્તાવના**

*સાર્વજનિક પુસ્તકાલય એક એવી સંસ્થા છે કે જેના માધ્યમથી વ્યક્તિનો સતત બૌદ્ધિક અને સાંસ્કૃતિક વિકાસ થતો હોય છે. પુસ્તકાલયમાં ઉપલબ્ધ સાહિત્ય, દર્શન, ઈતિહાસ, ધર્મ, વિજ્ઞાન, રાજકારણની સાથોસાથ સામાજિક, આર્થિક અને કલા-સંસ્કૃતિ જેવા વિવિધ વિષયોનાં પુસ્તકોમાંથી માનવ પોતાના જ્ઞાનની અભિવૃદ્ધિ કરવાનો પ્રયાસ કરે છે. સ્થાનિક સમુદાયના સભ્યોને પુસ્તકાલય પેઢી દર પેઢી શિક્ષણ, મનોરંજન અને વિકાસ માટે માહિતિજ્ઞાન આપવાનું કામ કરતાં રહ્યા છે. ટૂંકમાં, કહી શકાય કે એક સામાજિક મિશનની જેમ જાહેર પુસ્તકાલય જ્ઞાન સંપાદન કેન્દ્રના રૂપમાં પોતાની મહત્વની ભૂમિકા અદા કરે છે.*

---

**ચાવીરૂપ શબ્દો :** *જાહેર પુસ્તકાલય, માહિતી કેન્દ્રો, સામાજિક સંસ્થા, પુસ્તકાલયનો ઈતિહાસ, સમાજમાં પુસ્તકાલયનું મહત્વ...*

---

**૨. પુસ્તકાલયનો ઈતિહાસ**

પુસ્તકાલયના જૂના ઈતિહાસ પર નજર નાખવામાં આવે તો માની શકાય કે ભારતીય પુસ્તકાલયોનું પ્રારંભિક સ્વરૂપ પુરાતન કાળમાં પણ રહ્યું હતું. પ્રાગઐતિહાસિક કાળની શિલાઓ, ગુફાઓ અને માધ્યમોમાં મળેલી ચિત્ર, લિપિ તેમજ શિલાલેખો આપણને પુસ્તકાલયની આરંભિક છબીનો ચિતાર આપે છે. તત્કાલિન માનવ સમુદાયો વચ્ચે વિચારો પહોંચાડવા માટે આ શિલાલેખોની મોટી ભૂમિકા રહેતી હતી. વૈદિક કાળમાં સમય-સમયે ધર્મ અને દર્શન સંબંધી સાહિત્ય તાડ અને ભોજપત્ર, વિશેષ વસ્ત્ર અને હાથ બનાવટના કાગળ પર અંકિત કરવાની પરંપરા વિકસતી રહી હતી. તે કાળમાં વેદ, ઈતિહાસ, પુરાણ અને વ્યાકરણ સંબંધી કોઈ ગ્રંથની રચના તત્કાલિન ઋષિમુનિઓએ કરી હતી.

હાથથી લખેલા આ ગ્રંથોની પાંડુલીપીઓ મઠ-મંદિરો અને ગુરુકુળોમાં સુરક્ષિત રાખવામાં આવી હતી. બૌદ્ધકાળમાં તક્ષશિલા અને નાલંદા જેવા મહત્ત્વપૂર્ણ શિક્ષણ કેન્દ્રોમાં પણ આયુર્વેદિક, જ્યોતિષકલા, રાજવ્યવસ્થા, વિજ્ઞાન વગેરેના ગ્રંથોનો સંગ્રહ રહેતો હતો. મુઘલકાળમાં પણ અનેક બાદશાહ પોતાના દરબારમાં વિદ્વાનો દ્વારા રચિત સંસ્કૃત અને ફારસી ગ્રંથોનું સંકલન કરાવતા હતા. સમ્રાટ અકબરના પુસ્તકાલયમાં પણ વિવિધ વિષયોનાં અંદાજે પચીસ હજાર ગ્રંથ

હતા. જો કે, આધુનિક ભારતમાં પુસ્તકાલયનો વિકાસ તે ગતિથી ન થયો કે જેટલી અપેક્ષા હતી. દેશ ગુલામીની જંજીરોમાં જકડાયેલો હતો તે કારણે શિક્ષણસંબંધી પુસ્તકાલયો તરફ વધુ ધ્યાન ન અપાયું અને પુસ્તકાલયોને રાષ્ટ્રીય સ્વરૂપ ન મળી શક્યું. ઈ.સ. ૧૮૮૨ માં મુંબઈ રાજ્ય, ૧૮૯૦માં કર્ણાટક અને ૧૯૧૦ની આસપાસ વડોદરા રાજયમાં પુસ્તકાલયો તરફ ધ્યાન આપવા પ્રયાસ થયો. તે જ રીતે પુસ્તકાલયોમાં વિકાસના સંદર્ભમાં ૧૯૨૪માં બેલગાવ, ૧૯૨૭માં મદ્રાસ રાજ્ય અને ૧૯૨૯માં કર્ણાટકના ધારવાડ ખાતે પુસ્તકાલય સંઘોની બેઠક પણ થઈ. સન્ ૧૯૩૩માં ભારતમાં પુસ્તકાલય વિજ્ઞાનના જનક તરીકે નામના પ્રાપ્ત કરનાર ડો. એસ.આર. રંગનાથનના પ્રયાસોને પગલે મદ્રાસ વિધાનસભામાં પુસ્તકાલય અધિનિયમ પસાર થયો. તે દરમિયાન જ પુસ્તકાલય વિજ્ઞાન અંગેના ૨૦ ગ્રંથોનું પણ પ્રકાશન થયું.

### ૩. સમાજમાં જાહેર પુસ્તકાલયોનું મહત્વ

પુસ્તકાલય એટલે અનેક પુસ્તકોનો સંગ્રહ. જેને બીજા શબ્દોમાં કહીએ તો જ્ઞાનનો અખૂટ ભંડાર, જ્યાં કોઈપણ વ્યક્તિ આવીને જ્ઞાન રૂપી ઝરણાથી પોતાની તરસ છીપાવી શકે છે. પુસ્તકાલયમાં રહેલ પુસ્તકોમાં માહિતીનો ભંડાર ભરેલો હોય છે, જ્યાં જે વિષય પર અભ્યાસ કરવો હોય તે કરી શકાય છે. જે વિષયમાં રસ હોય એવા પુસ્તકો વાંચીને અવનવું જાણી તથા શીખી શકાય છે. સારા પુસ્તકોના વાંચનથી લોકોના મંતવ્ય, સમજશક્તિ અને વિચારશક્તિને સારી રીતે ઉજાગર કરી શકાય છે જેની સીધી અસર સમાજ પર થતી હોય છે. અને વળી એ સર્વસ્વીકાર્ય પણ છે કે જે સમાજ તથા દેશના ઘડતરમાં પુસ્તકાલય ખૂબ જ મહત્વની ભૂમિકા ભજવતું હોય છે.

### ૪. સ્થાનિક સમુદાયો પર પુસ્તકાલયની અસર

પુસ્તકાલયમાં સ્થાનિક સમસ્યાઓના નિવારણને લગતા પુસ્તકોને રાખવાથી આસપાસ રહેતા લોકોમાં એ સમસ્યાઓનો ઉકેલ શોધવાની વૃત્તિ વિકસાવીને યોગ્ય દિશાસૂચન કરી શકાય છે. સંઘર્ષશીલ તથા પરેશાનીઓથી ઘેરાયેલા વિસ્તારમાં પુસ્તકાલય ઘણીવાર તે ક્ષેત્રને પુનર્જીવિત કરવાનું કાર્ય કરતા હોય છે. ઘણી જગ્યાએ પુસ્તકાલય માત્ર પુસ્તકો અને માહિતી પૂરતા જ હોતા નથી, પરંતુ તેઓ બીજા અન્ય વિશિષ્ટ સંગ્રહો પણ પૂરા પાડતા હોય છે જે સ્થાનિક લોકોની જરૂરિયાતોના આધારે વિકસાવેલા હોય છે. જેમ કે "ઑકલેન્ડ પબ્લિક લાયબ્રેરી" જેવી પુસ્તકાલય કુદરતી આફતો દ્વારા થયેલા નુકસાન પછી આસપાસના સ્થાનિક લોકોને જરૂરી સાધન-સામગ્રી પૂરી પાડે છે. જે દર્શાવે છે કે કઈ રીતે સમુદાય-કેન્દ્રિત લાયબ્રેરી સ્થાનિકરૂપે ઉપયોગી નીવડી શકે.

### ૫. જાહેર પુસ્તકાલયોના ઉદ્દેશો, હેતુઓ અને કાર્યો

જાહેર પુસ્તકાલયનો મુખ્ય ઉદ્દેશ દરેક વર્ગના વાચકોને તેમને જોઈતી માહિતીની માંગ પ્રમાણે મનોરંજન, માહિતી અને પ્રેરણા પૂરી પાડવા માટે વિના મૂલ્યે સેવા પૂરી પાડવાનું છે.

- સમાજની દરેક વ્યક્તિને સમગ્ર વિષયોને અદ્યતન તેમજ આધુનિક માહિતી સુલભ કરવી.
- દરેક વ્યક્તિને આજીવન સ્વશિક્ષણ સુલભ બનાવવામાં સહાય કરવી.
- સમાજની વ્યક્તિમાત્રને જીવનપર્યંત સ્વશિક્ષણ માટે સહાયભૂત કરવું.

- સમાજની વ્યક્તિમાત્રને તટસ્થ તથા સમતોલ વાંચન આહાર પૂરો પાડવો તથા સ્થાનિક, રાષ્ટ્રીય તથા વિશ્વકક્ષાએ વ્યક્તિ કેળવાય તેવી સેવા પૂરી પાડવી.
- દરેક વ્યક્તિને સ્થાનિક, રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય પ્રતિયોગીતામાં પોતાનું રાજનૈતિક દાયિત્વ પૂરું કરવા માટે સહાય કરવી સમગ્ર પ્રકારના અભિપ્રાયો અને વિચારોનું વિતરણ સંતુલિત કરવું.
- સંશોધનમાં મદદરૂપ થવું તથા સમાજની આબાદી અને ઉત્થાન માટે દેશના સાંસ્કૃતિક વારસાની સાચવણી કરવી.
- સમાજની પ્રત્યેક વ્યક્તિને નવરાસના સમયને રચનાત્મક પ્રવૃતિ તરફ વાળવો.
- સુનાગરિક બનાવવા.
- માહિતી અને વિચારોનું પ્રસારણ કરવા.
- વ્યક્તિ અને રાષ્ટ્રના ઘડતર માટે.
- નવા સાહિત્યિક લોકો અને નાની ઉંમરના બાળકોમાં સાહિત્ય વાંચનની ટેવ બનાવવી, વિકસાવવી અને મજબૂત કરવી.
- ઔપચારિક અને અનૌપચારિક શિક્ષણને ટેકો આપવા.

**૬. જાહેર ગ્રંથાલય સેવાઓ અને સમાજ** :

જાહેર ગ્રંથાલયનો સીધો સંબંધ સમાજ સાથે છે, લોકો સાથે છે. માટે જ તેની સેવાઓનો ઉદ્દેશ જનમતના આધારે નિશ્ચિત થાય છે. આપણે જાણીએ છીએ કે જાહેર ગ્રંથાલયોનો પાયાનો હેતુ વાંચન સાહિત્ય સ્વરૂપે માહિતી એકઠી કરવી, તેનું યોગ્ય વ્યવસ્થાપન કરવું અને તેનો મહત્તમ ઉપયોગ કરાવવો, તથા ભાવિ પેઢી માટે તેનું જતન કરવું અને પ્રાચીન વિરાસતને જાળવવાનો છે.

**૭. વૈશ્વિક ચિંતકોના મતે સમાજમાં જાહેર ગ્રંથાલયોની મહત્તા:**

જાહેર ગ્રંથાલયોનું મહત્વ જનસમુદાયના સર્વાંગી વિકાસ થકી વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્રીય ઉન્નતિ કે કલ્યાણનું રહેલું છે. જે સંદર્ભે કેટલાંક વિદ્વાનોના વિચારો જોઈએ;

•જે રાષ્ટ્રમાં પુસ્તકાલયો સમૃદ્ધ હશે તે રાષ્ટ્રનું લોકતંત્ર વધુ મજબૂત અને ઉન્નત હશે.

-ડો. પાંડેય એસ. કે શર્મા

•એ સાચે જ કહેવાયું છે કે રાજ્ય કે રાષ્ટ્રમાં વધુ પ્રમાણમાં પુસ્તકાલયો ખોલવાથી પોલીસ સ્ટેશનો ઓછા ઊભા કરવા પડશે.

-સ્ટેન્લી જેવોન્સ

•જાહેર ગ્રંથાલયોને માણસના દીર્ઘકાલીન સ્વશિક્ષણ માટેની અસરકારક સંસ્થા છે.

-ડો. એસ. આર. રંગનાથન

આમ પુસ્તકો, પુસ્તકાલયોની ભૂમિકા જે વ્યક્તિમાત્રના સાર્વત્રિક વિકાસને પ્રેરણાત્મક બળ પૂરું પાડી વિકાસની કેડી કંડારવાનું છે.

**૮. સામાજિક-આર્થિક વિકાસ**

વ્યક્તિત્વ વિકાસ માટે વાંચન એ અગત્યનું પરિબળ છે. વિષયની સજ્જતા અને માનવીય સંવેદના એ કોઈપણ વ્યક્તિની પ્રગતિની આધારશિલા છે. જેના થકી આર્થિક ઉપાર્જન શક્ય છે. આર્થિક વિકાસની નવી તકો પ્રાપ્ત થાય છે. સ્પર્ધાત્મક યુગમાં વાંચનસભર વ્યક્તિ તેની આગવી ઓળખ પ્રસ્થાપિત કરે છે. વિશ્વ વિખ્યાત અર્થશાસ્ત્રી એડમ સ્મિથે પણ તેના વિદ્વતગ્રંથ "Wealth Nations" માં સંપતિના સર્જન માટે શિક્ષણને પ્રાથમિકતા આપી છે. આ શિક્ષણના મૂળમાં વાંચન છે અને તે માટે ગ્રંથાલયો અનિવાર્ય બની રહે છે. વિષયલક્ષી વાંચન તેના વિષયના અદ્યતન પ્રવાહોથી લોકોને વાકેફ કરે છે તો ઈતરવાંચન તેમના હૃદયને ઢંઢોળે છે, જે સરવાળે તેમને વ્યવસાય પ્રત્યે નિષ્ઠાપૂર્વક અને લાગણીભર્યો વ્યવહાર કરતાં શીખવે છે અને કુશળ વ્યક્તિ બનાવે છે.

**૯. સમાપન**

અર્વાચીન યુગ લોકશાહી શાસન પ્રણાલીનો યુગ છે. પ્રજા જેટલી કેળવાયેલી અને સંસ્કારી તેટલું તેનું લોકશાસન ઉચ્ચતમ કક્ષાનું હોય છે. લોકશાહી જીવન પદદાહતિની સફળતા સાથે નિરક્ષરતા અને અજ્ઞાનતા સુસંગત નથી. તેવું વિશ્વના અનેક બનાવોએ સ્પષ્ટ પણે સાબિત કરી આપ્યું છે. કોઈપણ રાષ્ટ્રનો વિકાસ એની આબાદી, તેના નાગરિકોની રાજકીય ફરજો પ્રત્યેની સભાનતા, પ્રમાણિકતા અને સ્વાપર્ણની અનેરી ભાવના પર આધારિત છે. પ્રજાની પ્રગતિ અને આબાદી તેના ઉપયુક્ત સંસ્કારોથી મપાય છે. એ સંસ્કારોનું પ્રતિબિંબ પ્રજાના સાહિત્યના વાઙ્મયમાં ઝીલાય છે. જેને પુસ્તકો સંગ્રહે છે, રક્ષે છે. એવા પુસ્તકોનો સંગ્રહ એ આપણાં સંસ્કારોનો સંગ્રહ બની જાય છે.

જાહેર પુસ્તકાલય એટલે જન સમાજના જ્ઞાન-સંસ્કારોનો ભંડાર. આ સંસ્કારો કે જ્ઞાનનું વિત્તરણ અને વિસ્તરણ, એ જ આવા પુસ્તકાલયોનું પ્રથમ કર્તવ્ય છે. સમગ્ર વિશ્વમાં શાંતિ, આબાદી અને વિકાસ બક્ષવાની અજોડ શક્તિ એટલે જ જાહેર ગ્રંથાલયો. "જેને સમાજના સર્વાંગી વિકાસની પ્રથમ શરત માત્ર જ નહીં, પણ અનિવાર્યતા લેખાય છે."

**સંદર્ભસૂચિ**


૧. ચૌહાણ, મીનળ (૧૯૯૩). સાર્વજનિક ગ્રંથાલયોની સામાજિક ભૂમિકા.અમદાવાદ: સેજલ પ્રકાશન.

૨. ચારણ, શિવદાનભાઈ (૧૯૯૧). ગ્રંથાલય ઈતિહાસ. અમદાવાદ: ગ્રંથાગાર નવરંગપુરા.પાન નં. ૯૭.

૩. ભૈયા, છગન (૧૯૮૯). ગ્રંથાલય અને સમાજ. અમદાવાદ: ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય.

૪. શુક્લ, ડી. એન. (૧૯૭૮). ગ્રંથાલય સેવાનું સંગઠન અને ઈતિહાસ. અમદાવાદ: ગુજરાત વિદ્યાપીઠ.

૫. શાહ, વિભૂતિ (૧૯૮૧). ગુજરાતમાં ગ્રંથાલય પ્રવૃતિ. ગાંધીનગર: માહિતી ખાતું.

૬. પટેલ, ભાઈલાલભાઈ(૧૯૯૪).વાંચન વિજ્ઞાન. અમદાવાદ: વલ્લભવિદ્યાનગર યુનિ. ગ્રંથ. નિ. બોર્ડ. પ્રથમ આવૃત્તિ. પૃ. ૧ થી ૨૮૪.

૭. ગણાત્રા, હિમાંશુ (૨૦૧૯). સાયબર સફર અંક-૮૯, અમદાવાદ: સાયબર એજ્યુમીડિયા.

૮. ગુજરાતી વિશ્વકોશ (૨૦૦૦). ખંડ-૨, ભાગ-ગ, અમદાવાદ: ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ.

૯. હિંગોળ, ગીતા (૨૦૧૧). શિક્ષણસુધા.અંક-૪, રાજકોટ: પાર્થ ઓફસેટ.

૧૦. ઉપાધ્યાય, કાર્તિક (૨૦૦૫). સૌરાષ્ટ્ર ભૂમિ ન્યૂઝ પેપર. જુનાગઢ: સૌરાષ્ટ્ર ભૂમિ પ્રેસ. ૩૧-૫-૨૦૦૫.